## (૪) ટ્રેક નં. ૧૬ : કારણ કાર્ય આલંબન

✿ શું એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કારણ થઈ શકે? કાર્ય દ્રવ્યમાં આવે કે પર્યાયમાં? આલંબન કોનું હોય? અરે! આવા અટપટા સવાલોના જવાબો તો પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી જ આપી શકે. તો ચાલો સાંભળીયે પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી.

✿ માંગલિક

✿ ભક્તિ : આલંબન સાધન જે ત્યાગે તે પર ઘરમાં ભાગેજી
આલંબન ધ્રુવ સત્તા ધારે તે આનંદઘન પામેજી (૨)

✿ પ્રભુ તેરેમેં તાકાત હૈ પરસે ભિન્ન હોનેકી ઔર અપનેમેં અભિન્ન હોનેકી પ્રભુ-તેરેમેં તાકાત હૈ. તેરે કાર્ય કરનેમેં રાગકી મંદતાકી પણ સહાયતા નહીં. દેવ ગુરુકી ભી જિસમેં સહાયક નહીં. જિસકા શાસ્ત્ર જ્ઞાન કિયા ઉસ જ્ઞાન ભી સહાયક નહીં ઉસમેં-ઐસા અપના સ્વરૂપ. પરકા કારણસે કાર્ય હો ઐસા સ્વરૂપ હી નહીં. ઔર પરકા કાર્યકા કારણ હો રાગકા (કારણ હો) આત્મા, સ્વરૂપ હી નહીં.

✿ જેટલા પુરુષાર્થની કચાશ છે એટલું કારણ આપ્યું નથી માટે કાર્ય આવતું નથી. થોડો પુરુષાર્થ કરે અને વસ્તુની પ્રાપ્તિ થાય એમ માને તો કારણની પૂર્ણતા આપી નથી અને કાર્ય ક્યાંથી આવે ?

✿ ઊંચે ચઢવું હોય તો દોરડાનું અવલંબન લે છે ને? (દોરડું) એમ ભગવાનને ઊંચે અંદરમાં જાવું હોય તો આત્માનું અવલંબન લેવું પડે તો ઊંચે જાશે, હેઠે છે તે. રાગની ક્રિયામાં એકત્વ છે ને! પ્રભુ! એ હેઠે છો પ્રભુ. એણે ઊંચે જવું હોય તો દ્રવ્યનું આલંબન લેવું પડશે.

✿ એ (આત્મા) તો નિરાવલંબી સૌથી ભિન્ન ચીજ છે. જેના અનુભવ માટે પરના રાગની અને નિમિત્તની અપેક્ષા છે જ નહીં.

✿ 'જેવું કારણ આપે એવું કાર્ય થાય'. રાગનું કારણ આપે તો એનું કાર્ય રાગ અને ઝેર થાય. વિકાર થાય. નિર્વિકારી ચૈતન્ય કારણ પરમાત્મા-એનું કારણ જે આપે એવા કારણ પરમાત્માનો જે સ્વીકાર જોરથી કરે, મંદથી કરે કે જોરથી કરે. જેવું કારણ આપે એવું કાર્ય થાય (એવું જેનું જેવું કારણ આવે એવું કાર્ય થાય) જેવો આશ્રય લે તેવું કાર્ય થાય. દ્રવ્યનો આશ્રય લે તો કારણ આપ્યું તેવું કાર્ય થાય.

✿ પ્રભુ પોતે પરના કાર્ય કારણ વિનાનો (ન કરી શકે તેવો) એનો ગુણ છે.' 'અકારણ કાર્ય' નામની શક્તિ છે એનામાં. કે જે પોતાના સ્વભાવમાં રાગની મંદતા કે નિમિત્તની અપેક્ષા લઈને ધર્મની પર્યાય થાય એવો તેનામાં ગુણ નથી. વસ્તુ-એને પરની અપેક્ષા નથી. કેમકે વસ્તુમાં 'અકાર્યકારણ' નામની શક્તિ ત્રિકાળ ગુણ છે કે જેના કાર્યને માટે રાગ અને વ્યવહારની અપેક્ષા નથી અને જે વસ્તુ છે તે રાગના (શુભ રાગનું) કારણ નથી એવી એ ચીજ છે.

✿ જેમ રાગનું કાર્ય આત્મા કરે તેવો કોઈ એનામાં ગુણ નથી, વ્યવહાર કરે-આત્મામાં એ દયા, દાનનો રાગનો વ્યવહાર કરે એવો કોઈ આત્મામાં ગુણ નથી.

✿ ભાઈ! આવું કાંઈક ક્રિયા કરે, બહારનો ત્યાગ કર્યો એટલો જરી રાગની મંદતાની મદદ મળી તો આત્માને અંદર સમ્યક્દર્શન થાય એવી વસ્તુ જ એ નથી.

✿ 'ભાવ ભાવ' નામનો ગુણ કહો, અકાર્યકારણ નામનો ગુણ કહો, 'ઉત્પાદ વ્યય ધ્રુવ' નામનો ગુણ કહો-એ તો એનો ગુણનો એવો સ્વભાવ છે કે એ પરના અવલંબન વિના ઉત્પાદ-સમ્યક્દર્શનનો થાય.

✿ પરના આલંબન વિના-સીધો ચૈતન્ય સ્વરૂપ-એનું સીધું આલંબન લેતા પરના આલંબન વિના ચાલવું એ તો વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ જ એવી છે કે એના કાર્યને માટે કોઈ બાહ્ય કારણના આલંબનની એને જરૂર નથી એવી નિરાવલંબન વસ્તુ છે.

✿ ભગવાન પૂર્ણ સ્વરૂપ અસ્તિ તત્ત્વ હૈ, મોજુદગી ચીજ હૈ, હૈયાતીવાળી, સત્તાવાળી ચીજ હૈ, એ "હૈ" ચીજ ઉસકી મુક્તિ ક્યા? યે તો મુક્તસ્વરૂપ હી હૈ. ઐસી ચીજકા આલંબન લેનેસે મુક્તિકી પર્યાય આના હો તો આયે એટલે આયેગી હી. ઉસકા કોઈ પર્યાય પર જોર નહીં, એમ કહેતે હૈ. ઈસ પ્રકાર દ્રવ્યકે પ્રતિ આલંબન અને પર્યાયકે પ્રતિ ઉપેક્ષા (કરની ચાહિયે) મુક્તકી પર્યાયકી પ્રત્યે ભી ઉપેક્ષા (કરની ચાહિએ).

✿ આલંબન ઔર પર્યાયકી પ્રત્યે ઉપેક્ષા હોને પર સ્વભાવિક શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હી હૈ. વસ્તુ ત્રિકાળી કા આલંબન લેનેસે શુદ્ધ મોક્ષકી પર્યાય તો ઉત્પન્ન હોગી હી. ઉપેક્ષા વૃત્તિ હોને પર સ્વભાવિક શુદ્ધ પર્યાય પ્રગટ હોતી હી હૈ. મોક્ષકી ઈચ્છા કરનેસે મોક્ષ નહીં મિલતે એમ કહેતે હૈ. યે

ઈચ્છા ભી તોડકર દ્રવ્યકા એકદમ પૂર્ણ આલંબન લેનેસે શુદ્ધ પર્યાય પૂર્ણ હોગી, તો ત્યાં જોર તો (દ્રવ્યકા દૃષ્ટિ ઉપર હૈ) દ્રવ્ય ઉપર જોર હૈ ઉસસે મોક્ષ હોગા. દૂસરેકો મોક્ષ હોગા નહીં.

✿ (આત્માની) મોટપ એટલી છે કે 'હું શુદ્ધ છું' એવી વૃત્તિ ઊઠે એ કલંક છે. એ બંધ પરિણામ છે. અને ત્યારે સમકિત જે છે અબંધ પરિણામ એને પ્રગટ કરવા હોય તો વિકલ્પથી પાર તે (દ્રવ્ય) એનું અવલંબન લે.

✿ દેશનાલબ્ધિ સાંભળે. એનું જ્ઞાન પણ થાય પર્યાયમાં પોતાને લઈને, છતાં તે જ્ઞાનના અવલંબે અંતરની (મંદ) દૃષ્ટિ થાય એવું એ વસ્તુનું સ્વરૂપ નથી.

✿ હજારો રાણી છોડી, પંચ મહાવ્રત પાળે, પંચ મહાવ્રત-વો ભી રાગ હૈ. વો કોઈ ધર્મ નહીં. વો કોઈ ધર્મકા કારણ નહીં. ધર્મ નામ (એટલે) વર્તમાન વીતરાગ દશા-ઉસકા કારણ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ-તે ઉસકા કારણ પરમાત્મા હૈ.

✿ પ્રભુ આત્મા અંદર સર્વજ્ઞ વીતરાગ-જિનેશ્વર દેવની આજ્ઞા છે, હુકમ છે, પ્રભુ! તું તારી ચીજનું અવલંબન લે ને! અમારું અવલંબન લેતા પણ તને પ્રભુ રાગ થશે. તારી પ્રભુતામાં ખોટ આવશે. વસ્તુનું અવલંબન લે અને ચૈતન્ય પ્રભુ છે ને પ્રભુ! અમે તો પર્યાયમાં પ્રભુ થયા પણ દ્રવ્યે તો પ્રભુ અમે ય છીએ અને તું યે છો. એમાંથી પર્યાય આવી છે એ પ્રભુમાંથી આવી છે. પ્રભુમાંથી પ્રભુની પર્યાય આવી છે. કેવળીની. એ કોઈ પૂર્વ પર્યાયથી નથી આવી, રાગથી નથી આવી, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ. એવું જે પરમાત્મા જિનેશ્વર દેવને વર્તમાન દશામાં, પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ, એ પૂર્ણતા પ્રભુની ક્યાંથી આવી? એ પૂર્ણ પ્રભુ અંદર ભગવાન છે. તેમાંથી આવી છે.

✿ તારી પર્યાયમાં આટલી પ્રભુતા કે જેને જાણવા માટે પરના આલંબનની જરૂર નહીં. વર્તમાન જાણવા માટે પણ પરના આલંબનની જેને જરૂર નથી. ભલે, મન અને ઈન્દ્રિય હો, પણ એ જાણવાની પર્યાય કંઈ મન અને ઈન્દ્રિયને કારણે જાણે છે એમ નથી. એ જ્ઞાનની પર્યાય વર્તમાનમાં એ ઈન્દ્રિય ને મન છે એવું શાસ્ત્રથી જોયું, સાંભળ્યું, તો એ

તો જ્ઞાનની પર્યાય જાણે છે કે આ ઈન્દ્રિય અને મન છે, અને ઈન્દ્રિય અને મન છે માટે જાણવાની પર્યાય થઈ છે એમ નથી. તો જાણવાની વર્તમાન પર્યાયને પણ જ્યાં પરના અવલંબનની અપેક્ષાની જરૂર નથી. એ ચીજને ત્રિકાળ ચીજમાં કોઈની અપેક્ષા નથી. (એનું) ત્રિકાળી ટકવું, હોવાપણું, ધ્રુવ. (એને) જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. એટલું કાર્ય થાય જ. જેવો ભગવાન પૂર્ણ સ્વરૂપ છે તેની શ્રદ્ધા અને જ્ઞાનમાં જેટલો પુરુષાર્થ કરીને કારણ આપે તો કાર્ય થયા વિના રહે નહિ.

✿ 'જેટલું કારણ આપે એટલું કાર્ય થાય જ.' કેમ કાર્ય આવતું નથી? એમ કોઈ કહે કે સમ્યક્દર્શન જ્ઞાન, ચારિત્ર અને મોક્ષનો માર્ગ અમને કેમ થતો નથી? તો કહે છે કે કાર્ય છે તેનું કારણ આપવું જોઈએ. જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. કારણ થોડું આપે અને કાર્ય વધારે થાય એમ બને નહિ. કારણ આપે તો કાર્ય પ્રગટ થાય જ. જેટલું કારણ આપે સ્વરૂપની દૃષ્ટિનું, સ્થિરતાનું-એટલું કાર્ય થાય જ. કારણ ઓછું આપે અને કાર્ય વધારે થાય એમ બને નહિ. અંતરને માટે રાગથી ભિન્ન પડી અને ભેદજ્ઞાનનું કારણ આપે એને કાર્ય થયા વિના રહે નહિ. એને સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા વિના રહે નહિ. કારણ આપે અને કાર્ય ન થાય. એ વસ્તુ છે નહિ.

✿ અટકવાના અનંત કારણો અને અંતર(માં) જવાનું એક જ કારણ. અંતર ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લેવો એ એક જ કારણ છે અટકાવાના તો અનંત કારણ (છે).

✿ વિભાવથી કંટાળે અને સંસારનો ત્રાસ લાગે. પુણ્ય, પાપનો ભાવ છે એ વિભાવ છે. એનાથી જે વિભાવથી કંટાળેલો હોય અને સંસારનો ત્રાસ લાગે તો માર્ગ મળ્યા વિના રહે નહિ.

✿ કેટલાક એમ કહે છે કે 'અમે ઘણું વાંચીએ છીએ, ગણીએ છીએ, પણ થતું નથી. પણ જેટલું કારણ દેવું જોઈએ એટલું કારણ આપ્યું નથી. માટે કાર્ય થતું નથી. જે કારણ દેવું જોઈએ અંદરમાં તેટલું કારણ આપ્યા વિના કાર્ય થવા માંગે (તે) ભ્રમમાં પડ્યો છે.

✿ ભક્તિ : 'એ .આકોલિયાના બીજથી આંબો કદી ન થાય,
એ .જેવું કારણ આપીએ, તેવું કાર્ય જ થાય, (૨).

✿ આંબાનો ગોટલો વાવે તો આંબાનું ઝાડ થાય અને આકોલિયાનું બીજ વાવે તો આકોલિયાનું ઝાડ થાય. એમ જેણે આત્માના લક્ષ અને આત્માનો અનુભવ કરવા માટે (જેણે) બીજ વાવ્યા એને આત્મા ફાલશે. પણ જેણે બહાર આબરૂ માટે, રાગ માટે, પુણ્ય માટે, બહાર પડવા માટે, દુનિયામાં ગણે મને, ગણતરીમાં લે મને કંઈક, ઓળખે લોકો, એવા મિથ્યાત્વના બીજ વાવ્યા હશે ત્યાં સંસાર ફળશે.

✿ જેવું કારણ આપે એવું કાર્ય થાય. સ્વભાવ સન્મુખના કારણ આપે, પુરુષાર્થથી, તો તેનું ફળ તે થાય. આત્મા મળે. અને એને છોડીને બહારમાં કોઈ પણ ચીજની એને આશ્રયની વિશેષતા-કોઈપણ આત્મા સિવાય બાહ્ય ચીજની ચમકતા, એની ચમક લાગે એને, એના ફળ તરીકે તો સંસાર ફળશે.

✿ સંયોગી ચીજના મહાત્મ્યમાં સંયોગી ચીજ 'ભવ' ફળશે.

✿ 'કારણ આપે એવું કાર્ય થાય' સાચો પુરુષાર્થ કરીએ તો સાચું ફળ મળે જ. સ્વભાવની રુચિ કરીને ત્યાં પુરુષાર્થ કરે તો (સ્વભાવ) મળે જ. 'છે તે મળે જ'.

✿ જેવડો અને જેટલો પ્રભુ છે આત્મા. એટલો જ, એવડો જ પુરુષાર્થમાં વિશ્વાસમાં લે. એના વિશ્વાસ માટે કોઈની અપેક્ષા નથી. એવું કારણ પર્યાયમાં આપે તો કાર્ય થયા વિના રહે નહિ.

✿ વીતરાગી સ્વરૂપ પ્રભુ આત્મા-એનું આલંબન લઈને કેમકે એમાં દર્શન-જ્ઞાન ચરિત્ર પડ્યા છે. એના આલંબનથી થતા પરિણામ એને દેખતા એ વીતરાગી પરિણામને દેખશે. તું વીતરાગીને જોઈશ તો તને વીતરાગતા વધશે. વીતરાગતાને જોવું છે તારે.

✿ દર્શનશુદ્ધિ થાય એ તો આત્માના અવલંબને થાય કેમકે આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ ત્રિકાળ પડ્યો છે. આત્મામાં સમકિત થઈ એ પર્યાય છે, પણ શ્રદ્ધા ગુણ છે એ ત્રિકાળ છે. જેમ જ્ઞાનગુણ ત્રિકાળ છે પછી મતિ, શ્રુત આદિ પાંચ તેની પર્યાયો છે. મતિ, શ્રુત અવધિ આદિ. એમ શ્રદ્ધા ગુણ જે આત્મામાં છે તે ત્રિકાળ છે. પછી સમકિત દર્શન, ક્ષયોપશમ, ક્ષાયિક એ બધી એની પર્યાયો છે. એવો જે ભગવાન આત્મા-પૂર્ણ આનંદ અને પૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ શાંતિ, પૂર્ણ ચારિત્રના સ્વભાવથી

ભરેલો પ્રભુ એનું અવલંબન લઈને જે શ્રદ્ધાનો સુધારો થાય તો જ્ઞાનનો ય સુધારો થાય અને સ્થિરતાનો પણ સુધારો થાય. એ શ્રદ્ધાની સાથે જ્ઞાન અને ચારિત્રનો સ્વરૂપાચરણ આદિના સંસ્કાર પડે અને સુધારો થાય. આવો જે આત્મા પરથી એકત્વબુદ્ધિ તોડી, પરથી એકત્વબુદ્ધિ તોડી રાગની સાથેની એકતા બુદ્ધિ તોડી, જુદા તત્ત્વને એ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત છે. એવા આત્માને જાણે તો કાર્ય થાય.

✿ (એ) કાર્ય થવા માટે બીજા દ્રવ્યના સાધનની બિલકુલ જરૂર નથી. એ 'અકાર્યકારણ' નામનો આમાં એક ગુણ છે. એ ગુણને ધરનારો ગુણી ભગવાન-એનો સ્વીકાર થતા એને રાગની મંદતાના કારણથી આ સમજાય-એવો એ નથી. અને રાગની મંદતાનું કારણ આપીને રાગની મંદતા કરે એવો આત્મા નથી. એ તો એના સ્વભાવની જાતથી જ સ્વભાવ જણાય એવો છે. એ વ્યવહારની ક્રિયા દયા, દાન, દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા એ બધો રાગ છે. એનાથી જણાય એવો નથી.

✿ જે મુક્ત સ્વરૂપ હૈ યે મુક્તિકા કારણ હોતા હૈ. રાગ તો બંધ સ્વરૂપ હૈ, ઉસમેંસે મોક્ષકા માર્ગ કહાઁસે નીકલેગા?

✿ વસ્તુ જે જ્ઞાનકી ઉત્પત્તિ સમ્યક્જ્ઞાનકી અને જ્ઞાનકી વૃદ્ધિ ઔર સમ્યક્જ્ઞાનકા ટિકના. યે તો ચૈતન્ય સ્વભાવના અવલંબનથી જ થાય છે.

✿ ભગવાન ત્રિકાળી જો સામર્થ્ય હૈ, યે પર્યાયમેં દ્રવ્ય નહીં આતા તો દ્રવ્યકા અવલંબન કર ને ! પર્યાયકા અવલંબન ક્યોં કરતે હૈ? શુક્લ ધ્યાનકી પર્યાય ઉત્પન્ન હો તો ભી તેરે ધ્યાનમેં લેનેકી ચીજ નહીં. જાનનેકી હૈ, દૃષ્ટિનું જોર તો યહાં દ્રવ્ય પર દે. ઉસકે બળ પર, અને દળ પર દૃષ્ટિ સ્થાપિત કર. દળ ઉપર ભગવાન-પૂર્ણાનંદ-જ્ઞાયક ભાવ-અપરિણામી ભાવ એની ઉપર દૃષ્ટિ દે ને! જ્યાં ભગવાન બિરાજતે હૈ ત્યાં ભગવાનકા ભેટા કરને-પર્યાયકા ભેટા (ક્યોં કરતા હૈ?)

✿ તરંગે તો ઊછળતી હી રહેગી, પર્યાય તો ઊછળતી રહેગી, ઉનકા અવલંબન કિસ લિયે લેતા હૈ? પર્યાયકા અવલંબન ક્યોં લેતા હૈ? યહાઁ તો વ્યવહારસે હોતા હૈ યે તો કિંચિત્ નહીં, પણ વ્યવહાર, રાગકી જાનનેવાલી જો જ્ઞાનપર્યાય હૈ ઉસકા ભી અવલંબન ક્યોં લેતે હૈ?

✿ સમ્યક્ નામ સત્ દૃષ્ટિ-તો પૂર્ણ સત્ જે અભેદ હૈ. ઉસકે ઉપર દૃષ્ટિ ઉસકા અવલંબનસે સમ્યક્દર્શન હોગા.

✿ ‘કુતૂહલ’નો અર્થ ‘મહિમા’. તે ક્યા હૈ ચીજ હૈ? આ રાગકી આડમેં અંદર ક્યાં ચીજ પડી હૈ? સાક્ષાત્ ત્રિલોકનાથ પરમાત્મા બાદશાહ અંદર હૈ. ઐસે જીવને કભી સચ્ચા કુતૂહલ હી (નહીં કિયા). પર્યાયમેં ઉસે દેખના કા કુતૂહલ કભી કિયા નહિ. પર્યાયમેં ઉસકી વિસ્મયતા કભી આયા નહિ. ચૈતન્ય-ચિંતામણી રતન, મહાપ્રભુ, કલ્પવૃક્ષ ઐસા ચૈતન્ય ચિંતામણી રત્ન કામકુંભ-અમૃતનો કુંભ પડ્યો છે પ્રભુ! શુભભાવ આતા હૈ પણ યે ઝેરકા ઘડા હૈ. શુભભાવ હૈ ને? રાગ હૈ ને? ઝેર કા ઘડા હૈ-પર જ્ઞાનીકો ભી (શુભભાવ) આતે તો હૈ. પણ ઉસકા અવલંબન-આશ્રય નહીં કરતે.

✿ અંતર વસ્તુ છે તેનો સ્વીકાર કરતા એ કાર્યને માટે (કોઈ) કારણની બિલકુલ જરૂર નથી એમ કહે છે. એ પોતે જ કારણરૂપ ભગવાન છે. એમાંથી જ કાર્ય આવે છે.

✿ આત્માના કાર્યને માટે બહારના (કોઈ કારણની જરૂર નથી). પેટમાં પડે આહાર અને પેટ ભરેલું હોય તો જ આત્માનું કલ્યાણ કરી શકે. સમ્યક્દર્શન (થાય) એમ છે નહિ. સાતમી નરકનો નારકી-જેને ૩૩-૩૩ સાગર આહારનો કણ નહીં. પાણીનું બિંદુ નહિ. એ જીવ પણ અંદરમાં જાય છે. જન્મે ત્યાંથી ૧૬ રોગ. ભાઈ! એણે કે દી જોયું છે. એવી સ્થિતિમાં પણ પૂર્વે સાંભળ્યું હતું તે યાદ આવી ગયું અને અંદરમાં ઊતર્યો. એ સાધન અનુકૂળ નથી. માટે આત્માનું કાર્ય ન થાય એમ નથી. અરે! પહેલી, બીજી, ત્રીજી નરકમાં તો પરમાધામી એને બાંધે, પોટલા કરે, લોઢાના ઉનાઉના ધગધગતા, માથે મારે ઘણ. પણ એ સમયમાં પણ અંદરમાં ઊતરે તો સમકિત પામી શકે છે. કે આ જરી બાંધ્યો છે ને? લોઢાના સળિયા હોય, ઊના ઊના બનાવીને- ત્યાં તો બનાવે પરમાધામી. બાંધે, વિરોધી મારે એને. એક તો પીડાનો પાર હોય નહીં. નરકમાં, એમાંય પરમાધામી. એમ આવે છે ને શાસ્ત્રમાં ? વેદનાને કારણે પણ સમકિત પામે. અહીં તો લક્ષ-વેદનાનું લક્ષ છોડ્યું. એટલે ‘વેદનાથી પામે’ એમ કહેવામાં આવે. આ સ્થિતિ-જે દુઃખ સહ્યા ન જાય. સાંભળ્યા ન જાય. એ દુઃખ વેદવામાં આવ્યું! એ કાળે પણ અંદરમાં જઈ શકે છે. એના કાર્યને માટે અનુકૂળ સાધન હોય તો થઈ શકે એવું છે નહિ.

✿ અનંતી અનંતી સ્વતંત્ર શક્તિઓનો સાગર છે ને પ્રભુ? તારા કાર્યને માટે પરના કારણ અને સહાયની જરૂર બિલકુલ નથી. બીજી રીતે કહીએ તો વસ્તુમાં સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રના કાર્યને માટે વ્યવહાર રત્નત્રયનો રાગ હોય તો આ થાય એમ છે નહિ.

✿ વીતરાગની વાણી સ્યાદ્વાદ હૈ. એ વાણી હી તત્ત્વકા પ્રચાર કર શકતી હૈ. જિનેન્દ્રવાણી ઔર ગુરુવાણીકા આલંબન સાથ રખના. સ્વચ્છંદે ન ચડના.

✿ અંતર દૃષ્ટિ કરનેકા કારણ દેના ચાહિયે. 'કારણ વિના કાર્ય નહિ હોગા'. અંતર ભગવાન પૂર્ણાનંદકા નાથ-ઉસકી રુચિ ઔર ઉસકી ભાવના અને શુદ્ધ ઉપયોગરૂપી કારણ દેના ચાહિયે તો યે પ્રગટ હોગા. અપની જ્ઞાનકી પર્યાયમેં તીવ્ર રુચિ હોકર, સૂક્ષ્મ ઉપયોગ હોકર, અંદર પકડ લે. તો તેરે માર્ગકા જ્ઞાન હોગા બાકી કોઈ દૂસરી ચીજસે માર્ગ નહીં હોગા. કારણ દેના ચાહિયે. કારણ દેના ચાહિયે. તીવ્ર રુચિની દૃષ્ટિનું કારણ દેના ચાહિયે.

✿ હમ તો અપના અવલંબન સે વીતરાગતા પાયા હૈ ઔર તુમકો ભી તેરા અવલંબન લેનેકો હમ કહતે હૈ. રાગકા ભગવાન કારણ હી નહીં અને રાગકા એ કાર્ય ભી નહીં. કે રાગની મંદતા હો તો કારણ હોકર યહાઁ સમ્યક્દર્શન કાર્ય હોતા હૈ ઐસા હૈ હી નહીં. ઔર રાગ મંદ હૈ ઉસકા કારણ આત્મા હૈ ઐસા હૈ નહીં. રાગકા કારણ કાર્યરહિત અકારણ કાર્ય સ્વરૂપ હૈ ઉસકા. કે દયા, દાન કા, વિકલ્પકા કારણ ભી નહીં ઔર વો રાગ સમ્યક્દર્શન કી પર્યાય કાર્ય ભી નહીં.

✿ વર્તમાન 'ઉત્પાદ ધ્રુવ યુક્તમ્' સત્ એવી વાણી છે. એમાં જે ઉત્પાદ વ્યય થાય છે એ તો પર્યાય છે અને ધ્રુવ છે એ ત્રિકાળી ચીજ છે. નિત્ય શાશ્વત ધ્રુવ. એ શુદ્ધ ચૈતન્ય તત્ત્વ-ધ્રુવ એને દ્રવ્ય દૃષ્ટિ, સમ્યક્ દૃષ્ટિ તેને અવલંબે છે. એ કારણ પરમાત્મા ત્રિકાળી વ્યાપક છે-કારણ સ્વભાવ (પર્યાય) આત્મા વ્યાપ્ય છે. એટલે પૂર્ણ કારણ ગુણની પ્રતીત કરતા-અનુભવ કરતા પર્યાયમાં અનંત ગુણો તેને જણાય છે. છે ભલે, છે ભલે, પણ 'છે' એમ જણાય કોને? એ વર્તમાન સમ્યક્દર્શન જ્ઞાનની

પરિણતિમાં જ તે આ છે એમ જણાય છે. 'છે તો છે' પણ કોને માટે છે? જેને જણાયો એને માટે છે.

✿ નિત્ય ધાતુ ધ્રુવ. એનું અવલંબન લે, ઉસકો પહેચાન. પર્યાયકો પહેચાનકે રાગકો પહચાન એ નહિ. ઉસકો (ધ્રુવ) પહેચાન, તો જો જ્ઞાન હોગા, વો સબ ભેદકો, રાગકો, નિમિત્તકો જાન લેગા.

✿ ભગવાનની પ્રતિમાના અવલંબને શુદ્ધતા ન પ્રગટે. એ તો શુભભાવ આવે ત્યારે એનું અવલંબન કહેવામાં આવે. શુદ્ધતા આનાથી ન પ્રગટે.

✿ પૂર્ણ ગુણોથી ભરેલું આત્મ દ્રવ્ય-અખંડ પારિણામિક ભાવ-તેના અવલંબનથી પર્યાયમાં વ્યક્ત પર્યાય (થાય)-ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક થાય-તેનું વેદન છે. પણ એ વેદનની પર્યાયનું આલંબન નથી. અહીંયા તો પૂર્ણ પ્રગટ થાય ક્ષાયિક. એ વેદનમાં આવે અને ઉપશમ, ક્ષયોપશમ અપૂર્ણ વ્યક્ત પર્યાય છે. એટલે અપૂર્ણ અને પૂર્ણ બેય વેદનમાં આવે-પણ વેદનની પર્યાયનું આલંબન ધર્મીને ન હોય

✿ ઉદય, ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિક-ચાર ભાવ પર્યાય છે. એ પર્યાય કાંઈ અવલંબન યોગ્ય નથી.

✿ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ-હલચલ વિનાનો-પર્યાયના પરિણામનની હલચલ વિનાનો-એવો ત્રિકાળી સ્વભાવભાવ એ જ અવલંબન કરવા લાયક છે.

✿ ધર્મને પ્રગટ કરવા માટે નિમિત્તના તો અવલંબનની જરૂર નથી. રાગના અવલંબનની જરૂર નથી. પર્યાયના અવલંબનની જરૂર નથી. હવે અહીં તો કહે છે. ગુણના ભેદના અવલંબનની જરૂર નથી.

✿ શુભભાવ જાય તો પછી સંતોને આલંબન કોનું? ભગવાન! એ શુભભાવ જશે તો તને આલંબન આત્માના આનંદનું છે. શુભભાવ દુઃખરૂપ છે. આકુળતા છે. એ જશે (તો) અનાકુળ દશા વિશેષ પ્રગટ થશે.

✿ ભગવાન પૂર્ણ ગુણોથી અભેદ એવો પૂર્ણ આત્મ દ્રવ્ય તેના ઉપર દૃષ્ટિ કરવાથી તેના જ આલંબનથી પૂર્ણતા પ્રગટ થાય છે.

✿ વસ્તુ ભગવાન અબંધ સ્વરૂપ હૈ-ઉસકા અવલંબનસે અબંધ પરિણામ ઉત્પન્ન હોતા હૈ. પરકા અવલંબન લેને જાય તો રાગ ઉત્પન્ન હોતા હૈ. તો રાગ એ દુઃખરૂપનું વેદન છે.